ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૮/૧૮-૧૯/ 5031 તારીખ : 1 NOV 2018

પ્રતિ,
શ્રી સોલંકી ભીમજીભાઈ સવજીભાઈ, **આર.પી.એ.ડી.** કેસ ન. ૯૮/૧૮-૧૯.
મુ. નેસડી,
તા. પાલીતાણા, જી. ભાવનગર.
મો : .

**વિષય : સર્વિસ વાયર બદલવા તથા મોટી રકમના લાઈટ બિલ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા : ૨૧.૦૮.૧૮.

(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૮/૧૮–૧૯/૩૯૦૨ તા. ૦૧.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૨૩.૧૦.૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, પાલીતાણા.

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ઘોડીઢાળ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર –૯૮/૧૮–૧૯**

વાદી :– **શ્રી સોલંકી ભીમજીભાઈ સવજીભાઈ**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ– ૨૩.૧૦.૨૦૧૮**

હાજર રહયા :– શ્રી સોલંકી ભીમજીભાઈ સવજીભાઈ - પોતે.

પ્રતિવાદી :– **શ્રી પી.જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી સોલંકી ભીમજીભાઈ સવજીભાઈ, મુ.નેસડી, તા.પાલીતાણા જી.ભાવનગરની સર્વિસ વાયર બદલવા તથા મોટી રકમના લાઈટ બિલ બાબતની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૮ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૯૮/ ૧૮–૧૯/ ૩૯૦૨ તા. ૦૧.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૩.૦૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી પી.જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા, ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું ભીમજીભાઈ સવજીભાઈ રહે. નેસડી, તા.પાલીતાણા, જી.ભાવનગર તારીખ. ૦૨.૦૪.૨૦૧૮ ના દિવસે પાલીતાણા પાવર હાઉસમાં સર્વિસ વાયરની ફી ભરીને ઘરે આવેલ.

૧.૨ ત્યાર બાદ પાલીતાણાથી જી.ઈ.બી.ના અધિકારી મારા ઘરે આવેલ અને કહેલ કે તમે ચોરી કરો છો.

૧.૩ અમને વીજ ચોરીમાં ખબર પડતી નથી. હું અભણ અને મજુરીકામ કરું છું ઉપરોક્ત જણાવ્યા અનુસાર હું બીજી વાર સર્વિસ વાયરના રૂપિયા ૨૧૦/- ભરીને પહોંચ મેળવેલ.

૧.૪ આજ તારીખ સુધી સર્વિસ વાયર બદલેલ નથી તો આપ સાહેબ યોગ્ય કાર્યવાહી કરી યોગ્ય કરવા વિનંતી છે.

☛ **પ્રતિવાદીશ્રીની રજૂઆત:– તેમની રજૂઆત છે કે,**

૨.૧ વાદી શ્રી ભીમજીભાઈ સવજીભાઈ સોલંકી કે જેઓ નેસડી ગામે ગ્રાહક નંબર ૮૯૦૩૮/૦૦૨૩૩/૫ થી ઘર વપરાશનું વીજ જોડાણ ધરાવે છે.

૨.૨ તારીખ ૧૭.૦૫.૨૦૧૮ ના રોજ વાદીના ઘર વપરાશનું વીજ જોડાણ ચેક કરતા આ જોડાણમાં વીજ ચોરી માલુમ પડતા તેનું પુરવણી બીલ રૂપિયા ૬,૫૩૩.૪૯ તારીખ ૧૮.૦૫.૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે. ચેકીંગ શીટ આ સાથે સામેલ છે. સદર બાબત વીજ ચોરીને લગતી હોય ફોરમના કાર્યક્ષેત્રમાં આવતી નથી.

૨.૩ વાદીના જણાવ્યા અનુસાર સર્વિસ વાયર બદલવા માટે રૂપિયા ૨૧૦/- ભરેલ છે. તે અંગેનો રેકોર્ડ ઘોડીઢાળ પેટા વિભાગીય કચેરીમાં ઉપલબ્ધ નથી. જો વાદી દ્વારા આ પહોંચ રજુ કરવામાં આવશે તો વાદીનું મીટર તથા સર્વિસ વાયર કંપની દ્વારા બદલાવી આપવામાં આવશે.

૨.૪ વાદી દ્વારા આ વીજ કનેક્શનના બીલ પેટે બાકી નીકળતી રકમ માર્ચ – ૨૦૧૮ બાદ ભરપાઈ પણ કરવામાં આવેલ નથી.

☛ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી ભીમજીભાઈ સવજીભાઈ સોલંકી ગામ નેસડી તા. પાલીતાણામાં ઘર વપરાશનું વીજ જોડાણ ગ્રા.નં. ૮૯૦૩૮/૦૦૦૨૩૩/૫ થી ધરાવે છે.

૩.૨ વાદીના વીજ સ્થાપનનું વીજ જોડાણનું વીજ ચેકિંગ પ્રતિવાદી દ્વારા તા. ૧૭.૦૫.૧૮ના રોજ થયેલ જેમાં વીજ ચોરી માલુમ પડતા પ્રતિવાદીએ રૂ.૬,૫૩૩/- નું વીજ પુરવણી બિલ વાદીને આપેલ.

૩.૩ ત્યારબાદ તા. ૧૩.૦૬.૧૮ના રોજ વાદીએ તેના ઘર વપરાશના વીજ જોડાણની સર્વિસ બદલવા માટે પ્રતીવાદીને અરજી કરેલ અને રૂ. ૨૧૦/- ભરેલ.

૩.૪ વાદીની રજૂઆત છે કે તેઓની વીજ જોડાણની સર્વિસ પ્રતિવાદી દ્વારા બદલવામાં આવેલ નથી.

૩.૫ પ્રતિવાદી દ્વારા વાદીને ભારતીય વીજ ધારા કલમ ૧૨૬ હેઠળ વીજ પુરવણી બિલ આપેલ હોઈ ફોરમેં આ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

૩.૬ પ્રતિવાદીએ વાદીની ઘર વપરાશની વીજ જોડાણની સર્વિસ નિયમ મુજબ બદલાવી આપવી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. "૩.૫ અને ૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- **સદર હુકમ** સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, **બ્લોક** નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૨૩.૧૦.૨૦૧૮

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.